# અગ્રતા ક્રમ : ૧૬

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૩૭૦

## તા.૦૫/૦૨/૨૦૨૪

## કાયદા વિભાગ

## માન.ધારાસભ્યશ્રી : શ્રી સંદિપ દેસાઈ, ચોર્યાસી

**પ્રશ્ન : સુરત ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી.**

# મુખ્ય પ્રશ્ન

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | વર્ષ ૨૦૨૩–૨૪માં સુરત ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે વહીવટી મંજુરી આપી છે તે હકીકત સાચી છે, અને | હા,જી. |
| ૨ | જો હા, તો ઉક્ત સ્થિતિએ ક્યારે અને કેટલી રકમની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ છે? | રૂ.૧૮૧,૧૧,૦૦,૦૦૦/– ની વહીવટી મંજુરી તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે. |

# પુરક નોંધ

<table>
<tr><th>ક્રમ</th><th>પ્રશ્ન</th></tr>
<tr><td>૧</td><td>સુરત ખાતે જિલ્લા કોર્ટની સ્થાપના કયા વર્ષમાં થયેલ છે.</td></tr>
<tr><td>જવાબ</td><td>સુરત ખાતે જિલ્લા કોર્ટની સ્થાપના ૧૯૧૩ ના વર્ષ પૂર્વે થયેલ હતી. હાલમાં જિલ્લા ન્યાયલય, સુરત સંકુલમાં આવેલ નવા જિલ્લા ન્યાયાલય કોર્ટ બિલ્ડીંગની સ્થાપના ૦૭/૧૨/૨૦૧૪ના રોજ થયેલ હતી.</td></tr>
<tr><td>૨</td><td>હાલ સુરત ખાતે જિલ્લા કોર્ટમાં કેટલા ન્યાયાધીશ છે અને તે કઈ કઈ કેડરના છે.</td></tr>
<tr><td>જવાબ</td><td>માનનીય અધ્યક્ષશ્રી,<br>હાલમાં સુરત જિલ્લા અદાલત મુખ્ય મથક ખાતે કુલ ૬૧ ન્યાયાધીશ કાર્યરત છે.
<table>
<tr><th>ક્રમ</th><th>ન્યાયિક અધિકારીશ્રીઓની કેડર</th><th>ન્યાયિક અધિકારીશ્રી ઓની સંખ્યા</th></tr>
<tr><td>૧</td><td>મુખ્ય જિલ્લા અને સત્ર ન્યાયાધીશ</td><td>૦૧</td></tr>
<tr><td>૨</td><td>અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશ</td><td>૧૫</td></tr>
<tr><td>૩</td><td>ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ</td><td>૦૧</td></tr>
</table>
</td></tr>
</table>

| | | |
|---|---|---|
| ૪ | મુખ્ય સિનિયર સિવિલ જજ | ૦૧ |
| ૫ | અધિક સિનિયર સિવિલ જજ અને અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ | ૨૧ |
| ૬ | જજ, સ્મોલ કોઝ કોર્ટ | ૦૨ |
| ૭ | અધિક સિવિલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ | ૧૬ |
| ૮ | જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ | ૦૪ |
| | કુલ | ૬૧ |

**૪. હાલ સુરત જીલ્લામાં આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરની કેટલી જગ્યા છે?**

જવાબ હાલમાં સુરત જિલ્લામાં કુલ પર આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટરની જગ્યા છે.

| **ક્રમ** | **શહેર/તાલુકા** | **ફાળવેલ જગ્યાઓ** |
|---|---|---|
| ૧ | સુરત શહેર (રેલવે કોર્ટ સિવાય) | ૩૫ |
| ૨ | રેલવે કોર્ટ,સુરત | ૦૧ |
| ૩ | કઠોર | ૦૩ |
| ૪ | મહુવા | ૦૧ |
| ૫ | બારડોલી | ૦૩ |

| | |
|---|---|
| | <table><tr><td>૬</td><td>ઉમરપાડા</td><td>૦૧</td></tr><tr><td>૭</td><td>માંડવી</td><td>૦૨</td></tr><tr><td>૮</td><td>ઓલપાડ</td><td>૦૩</td></tr><tr><td>૯</td><td>માંગરોળ</td><td>૦૨</td></tr><tr><td>૧૦</td><td>પલસાણા</td><td>૦૧</td></tr><tr><td></td><td>કુલ</td><td>૫૨</td></tr></table> |
| **૩** | **હાલ સુરત જીલ્લામાં જીલ્લા સરકારી વકીલ તથા એડીશનલ સરકારી વકીલશ્રીની કેટલી જગ્યા છે?** |
| જવાબ | હાલ સુરત જીલ્લામાં મુખ્ય જિલ્લા સરકારી વકીલની –૧ (એક), એડીશનલ સરકારી વકીલશ્રીની–૧૭ (સત્તર) જગ્યાઓ છે. જે પૈકી ૧(એક) એડીશનલ સરકારી વકીલશ્રીની બારડોલી સેશન્સ કોર્ટ ખાતે ફરજ બજાવે છે. |
| **૪** | **હાલ સુરત જિલ્લા અદાલત ખાતે કાર્યરત સ્ટાફની વિગતો** |
| જવાબ | માનનીય અધ્યક્ષશ્રી,<br>હાલમાં સુરત જિલ્લા અદાલત ખાતે હાલમાં અલગ–અલગ કેડરના કાર્યરત સ્ટાફની વિગતો નીચે મુજબ છે.<br><table><tr><th>ક્રમ</th><th>વર્ગ</th><th>હોદ્દો</th><th>સ્ટાફની સંખ્યા</th></tr><tr><td>૧</td><td rowspan="3">રાજ્ય પત્રિત અધિકારી વર્ગ–૧</td><td>રજીસ્ટ્રાર, ડીસ્ટ્રીક્ટ કોર્ટ</td><td>૦૧</td></tr><tr><td>૨</td><td>એડીશનલ રજીસ્ટ્રાર, ડીસ્ટ્રીક્ટ કોર્ટ</td><td>૦૧</td></tr><tr><td>૩</td><td>એક્ઝીક્યુટીવ આસિસ્ટન્ટ ટુ ધી પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ જજ</td><td>૦૧</td></tr></table> |

| | | | |
|---|---|---|---|
| ૪ | | રજીસ્ટ્રાત, સિનિયર સિવિલ કોર્ટ | ૦૧ |
| ૫ | | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૦૫ |
| ૬ | | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૧ | ૦૫ |
| | | **કુલ** | **૧૪** |
| ૭ | રાજ્યપત્રિત અધિકારી વર્ગ–૨ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧૧ |
| ૮ | | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧૧ |
| ૯ | | સેક્રેટરી ટુ ધી પ્રિન્સિપાલ ડીસ્ટ્રીક્ટ જજ/પ્રોટોકોલ ઓફીસર/રજીસ્ટ્રાર,સિવિલ કોર્ટ,બેંચ ક્લાર્ક ગ્રેડ–૧ | ૨૨ |
| | | **કુલ** | **૪૪** |
| ૧૦ | બિન રાજ્યપત્રિત વર્ગ–૩ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ | ૦૧ |
| ૧૧ | | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ | ૦૬ |
| ૧૨ | | હેડ ક્લાર્ક/નાઝર/બેંચ ક્લાર્ક ગ્રેડ–૨ | ૩૭ |
| ૧૩ | | સિનિયર ક્લાર્ક/બેંચ ક્લાર્ક ગ્રેડ–૩ | ૪૧ |
| ૧૪ | | લાઈબ્રેરીયન | ૦૧ |
| ૧૫ | | આસીસ્ટંટ | ૧૨૮ |
| ૧૬ | | ડ્રાઈવર | ૦૩ |
| ૧૭ | | બેલીફ | ૬૧ |
| | | **કુલ** | **૨૭૮** |
| ૧૮ | બિન રાજ્યપત્રિત વર્ગ–૪ | હવાલદાર | ૦૨ |
| ૧૯ | | નાયક | ૦૪ |
| ૨૦ | | પટાવાળા/લીફ્ટમેન/પાણીવાળા | ૨૫ |
| **જિલ્લા અદાલત સુરત ખાતે કાર્યરત સ્ટાફની કુલ સંખ્યા** | | | **૩૬૭** |

<table>
<tr><td>૭.</td><td>સુરત જિલ્લા કોર્ટમાં <u>તા.૩૦/૦૧/૨૦૨૪ની</u> સ્થિતિએ પેન્ડીંગ કેસોની સંખ્યાની વિગત</td></tr>
<tr><td>જવાબ</td><td>
<table>
<tr><td>ક્રમ નં.</td><td>કેસોના પ્રકાર</td><td>કેસોની સંખ્યા</td></tr>
<tr><td>૧</td><td>સિવિલ કેસો</td><td>૨૩૭૬૫</td></tr>
<tr><td>૨</td><td>ક્રિમિનલ કેસો</td><td>૧૧૫૩૭૧</td></tr>
<tr><td colspan="2">કુલ</td><td>૧૩૯૧૩૬</td></tr>
</table>
</td></tr>
<tr><td>૮.</td><td>હાલનું કોર્ટ બિલ્ડીંગ કોર્ટની માલીકીનું છે. અથવા સરકારી છે કે ભાડે તેની વિગત.</td></tr>
<tr><td>જવાબ</td><td>હાલનું કોર્ટ બિલ્ડીંગ કોર્ટની માલિકીનું છે.</td></tr>
<tr><td>૧૦.</td><td>નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં  કુલ કેટલા કામો ને વહીવટી મજુંરી આપવામાં આવેલ તેની માહિતી.</td></tr>
<tr><td>જવાબ</td><td>નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં  કુલ ૧૨૧ કામો ને વહીવટી મજુંરી આપવામાં આવેલ છે.</td></tr>
<tr><td>૧૧.</td><td>સુરત ખાતે નવી કોર્ટ બનાવવી પડે તેના ફાયદા શું?</td></tr>
<tr><td>જવાબ</td><td><u>રાજયમાં નવી કોર્ટ બિલ્ડીંગ્સ બનાવવાની જરૂરિયાત</u>
<ul>
<li>રાજયમાં અગાઉની જૂની કોર્ટ બિલ્ડીંગો કરતાં ન્યાયાધીશશ્રીઓ તથા ન્યાયિક સ્ટાફ તથા વકીલશ્રીઓને કામ કરવા માટેનું વધુ સારુ અને યોગ્ય વાતાવરણ મળશે.</li>
<li>જૂની કોર્ટ બિલ્ડીંગોમાં યોગ્ય પ્રમાણમાં રૂમની સંખ્યા નહીં હોવાના કારણે કોમ્પ્યુટરાઈઝેશન કરવામાં ઘણી અગવડતા હતી.</li>
</ul>
</td></tr>
</table>

| | |
|---|---|
| | • ન્યાયાધીશશ્રીઓ, વહીવટી સ્ટાફ, પક્ષકારો, સાક્ષીઓ, અન્ડર ટ્રાયલ કેદીઓની યોગ્ય સુરક્ષા પુરી પડી રહે અને કોર્ટના રેકર્ડની યોગ્ય સાચવણી થઇ શકે તે માટે નવી કોર્ટ બિલ્ડીંગ બનાવવાની જરૂરિયાત ઉત્પન્ન થયેલ છે.<br>• કોર્ટનું કાર્યભારણ વધવાથી વધારે જગ્યાની જરૂરિયાત ઉભી થયેલ છે. સુરત મુખ્ય મથક ખાતે વકીલશ્રીઓની સંખ્યામાં વધારો થવાથી તેમની બેઠક વ્યવસ્થા તથા પાર્કિંગના પ્રશ્નો ઉપસ્થિત થવાથી કોર્ટને અન્ય નવી જગ્યાએ તબદીલ કરવું જરૂરી બન્યું છે.<br>• કોર્ટમાં કેસોનો વધારો થવાથી અરજદારોની અવર–જવરમાં વધારો થયેલ છે. તથા કોર્ટના મહેકમમાં વધારો થવાથી તેમની બેઠક વ્યવસ્થા માટે સગવડતા મળે તે અર્થે નવી કોર્ટ બિલ્ડીંગના બાંધકામની જરૂરિયાત છે.<br>**<u>નવી કોર્ટ બિલ્ડીંગથી પ્રજાને થનાર ફાયદા</u>**<br>• કેસના ભારણને ધ્યાને રાખીને નામ .વડી અદાલત દ્વારા વધુ જજોની પણ નિમણુંક કરી શકશે.<br>• સિટિઝન ફ્રેન્ડલી કોર્ટ બિલ્ડીંગ મળી રહેશે.<br>• પક્ષકારો તથા સાક્ષીઓ તથા અન્ડર ટ્રાયલ પ્રીઝનર્સને જરૂરી બેઠક વ્યવસ્થા તથા સુરક્ષા મળી રહેશે.<br>• ન્યાયાધીશશ્રીઓ, પક્ષકારો તથા વકીલશ્રીઓને સુવિધાપૂર્ણ સાનુકુળ વાતાવરણમાં કામગીરી કરવા મળશે અને તેના કારણે કેસોનો ઝડપથી ન્યાયિક નિકાલ થઇ શકશે. |

| | |
|---|---|
| | • નવી કોર્ટ બિલ્ડીંગમાં જરૂરી માળખાગત સુવિધાઓ હોવાના કારણે કોમ્પ્યુટરાઈઝેશન કરવાની પ્રક્રિયામાં સરળતા થશે. |
| **૧૩.** | **સુરત જિલ્લા કોર્ટ ખાતે વીડીયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે કે કેમ? તેનાથી થનારા ફાયદા** |
| જવાબ | હા.<br>વીડીયો કોન્ફરન્સ રૂમની સુવિધા ઉપલબ્ધ થવાથી વર્ચુઅલ ન્યાયિક કાર્યવાહી જેમ કે,<br>વર્ચુઅલ જુબાની લઈ શકાશે જેથી ન્યાયિક પ્રક્રિયા ઝડપી બની શકશે.<br>તે રીતે રાજ્યની વીડીયો કોન્ફરન્સ માધ્યમ દ્વારા આરોપીઓની હાજરી નામ.અદાલતો દ્વારા નોંધી શકાય છે.<br>કેદી પાર્ટીને લઈને કોર્ટોમાં લાવવા લઈ જવા માટેનો સરકારના ખર્ચમાં બચત થાય છે.<br>કેદીઓની સુરક્ષા જળવાઈ રહે છે.<br>પક્ષકારોનો કોર્ટોમાં અવરજવરનો ખર્ચ બચે છે.<br>સમયનો બચાવ થાય છે |

| | |
|---|---|
| **૧૪.** | **તારીખ ૩૧/૧૨/૨૦૨૩ સ્થિતીએ કુલ કેટલા કોર્ટ બિલ્ડીગ છે.** |
| જવાબ | તારીખ ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ ૩૩૭ કોર્ટ કોમ્પ્પલેક્ષ છે.<br>જેમાં પોતાના હસ્તકના કોર્ટ બિલ્ડીંગ: ૨૭૦<br>સરકારી બિલ્ડીગ : ૫૪<br>ભાડાની જગ્યાએ : ૧૩ |

## સુરત ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગ

- સુરત ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષમાં નવા કામ તરીકે સૈદ્ધાંતિક મંજુરી મળેલ હતી.
- નામદાર હાઈકોર્ટ તરફથી સદર કામની દરખાસ્ત મળતા વિભાગે નાણા વિભાગ સમક્ષ સદર કામની દરખાસ્ત રજુ કરતા તા. ૩૦/૦૬/૨૦૨૩ ના રોજ સુરત ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગ બાંધકામના કામને વહીવટી મંજુરી મળેલ છે.

હવે પછીની તાંત્રિક મંજુરી મેળવવાની કામગીરી માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવશે. તાંત્રિક મંજુરી મળ્યા બાદ આગળની કાર્યવાહી હાથ ધરી શકાશે.

# કોર્ટ ની સત્તા

| ક્રમ | કોર્ટનું નામ અને હોદ્દો | કોર્ટની સત્તા |
|---|---|---|
| ૧ | ડિસ્ટ્રિક્ટ જજ | અમર્યાદિત સજા (મૃત્યુ દંડ ) અને અમર્યાદિત દંડ<br>ક્રિમીનલ અપીલ ચલાવાની સત્તા |
| | | રૂ.૫૦,૦૦,૦૦૦/- સુધીની સિવીલ અપીલ ચલાવાની સત્તા |
| ૨ | સીનીયર સીવીલ જજ તથા એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ | સાત વર્ષ સુધીની સજા અને અમર્યાદિત દંડ |
| | | કોઈ પણ રકમ ના દાવા ચલાવાની સત્તા |
| ૩ | સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ | ત્રણ વર્ષ સુધીની જેલ અને ૧૦,૦૦૦ રૂપિયાનો દંડ |
| | | રૂ.૨૫,૦૦,૦૦૦/- સુધીના દાવા ચલાવાની સત્તા |

# અગ્રતા ક્રમ : ૧૬

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૩૭૦

## તા.૦૫/૦૨/૨૦૨૪

## કાયદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી સંદિપ દેસાઈ, ચોર્યાસી**

**પ્રશ્ન : સુરત ખાતે નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગના બાંધકામને વહીવટી મંજૂરી.**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સુરત ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં શેનો સમાવેશ થાય છે અને કોર્ટના બાંધકામની હાલની સ્થિતિ શું છે? | શ્રી સંદિપ દેસાઈ, ચોર્યાસી |
| ૨ | સુરત ખાતે જિલ્લા કોર્ટમાં મીડીએશન સેન્ટર ઉપલબ્ધ થવાનું છે કે કેમ? જો હા, તો તેનાં ફાયદા અને ઉપિયોગીતા વિષેની માહિતી આપશો. | શ્રી મોહનભાઈ ઢોડિયા, મહુવા |

**અગ્રતાક્રમ :– ૧૬**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૩૭૦**

**કાયદા વિભાગ**

**તા.૦૫/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી સંદિપ દેસાઈ, ચોર્યાસી)

➢ સુરત ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં શેનો સમાવેશ થાય છે અને કોર્ટના બાંધકામની હાલની સ્થિતિ શું છે?

**જવાબ:**

➢ સુરત ખાતે હાલની કોર્ટ અને નવી કોર્ટમાં ...

| **નિર્માણાધીન કોર્ટની વિગતો** | **હાલની કોર્ટની વિગતો** |
|---|---|
| • સુરત જિલ્લા કોર્ટના બાંધકામ માટે ૩.૧૮૧.૧૧ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.<br><br>• આ નવી જિલ્લા કોર્ટ બિલ્ડીંગનો બિલ્ટઅપ એરિયા ૬૨૨૨૦ ચો.મી. છે જેના માટે ૫૦૦૦૦ ચો.મી જમીન ફાળવેલ છે. આ કોર્ટ બિલ્ડીંગનું બાંધકામ ગ્રાઉન્ડ+૪ માળનું કરવામાં આવનાર છે. અંદાજે હાલના બાંધકામ કરતાં આશરે ૨૦૦ ટકા વધારે બાંધકામ મજુંર કરેલ છે. | • હાલમાં સુરત જિલ્લા કોર્ટ બિલ્ડીંગમાં ૪૩ કોર્ટ રૂમ કાર્યરત છે. હાલનું કોર્ટ બિલ્ડીંગ કોર્ટની માલિકીનું છે. જિલ્લા ન્યાયલય, અઠવાલાઈન્સ કોર્ટ સંકુલમાં કુલ–૧૨૦૦૫ ચો.મી. જમીન ઉપર હાલનું જિલ્લા કોર્ટ બિલ્ડીંગ તથા ફાસ્ટ ટ્રેક કોર્ટ બિલ્ડીંગ બનાવવામાં આવેલ છે. હાલના જિલ્લા કોર્ટ બિલ્ડીંગમાં કુલ–૧૦ (જી+૧૦) માળ તથા ફાસ્ટ ટ્રેક કોર્ટ બિલ્ડીંગમાં કુલ–૪ (જી+૪) માળ આવેલ છે |

| | |
|---|---|
| • આ કોર્ટ બિલ્ડીંગમાં ૮૨ કોર્ટ રૂમ, કેન્ટીન, લાઈબ્રેરી, લેડીઝ બાર, જેન્ટસ બાર, વેઈટીંગ હોલ, વિડીઓ કોન્ફરન્સ રૂમ, રેકર્ડ રૂમ, ટોઇલેટ, લીફ્ટ વિગેરે જેવી વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થનાર છે | |

➢ સુરત જિલ્લા કોર્ટનું બાંધકામ ચાલુ થયેલ નથી. સુરત જિલ્લા કોર્ટના બાંધકામ માટે રૂ.૧૮૧,૧૧,૦૦,૦૦૦/-ની વહીવટી મંજુરી તા.૩૦/૦૬/૨૦૨૩ ના રોજ આપવામાં આવેલ છે.

**પેટા પ્રશ્ન ૨ (શ્રી મોહનભાઈ ઢોડિયા, મહુવા)**

- સુરત ખાતે જિલ્લા કોર્ટમાં મીડીએશન સેન્ટર ઉપલબ્ધ થવાનું છે કે કેમ? જો હા, તો તેનાં ફાયદા અને ઉપિયોગીતા વિષેની માહિતી આપશો.

**જવાબ:**

- હા,
- લીટીગેશન ઘટાડવા માટેના જે વૈકલ્પિક રસ્તા છે તે પૈકી મીડીએશન(મધ્યસ્થી) એ ભારતીય સંસ્કૃતિમાં પૌરાણિક સમયથી ચાલી આવતી પરંપરા છે.
- મીડીએશન દ્વારા પક્ષકારો પોતાના વિવાદને અલગ અલગ દ્રષ્ટિકોણથી જાણી, સમજી મીડીએશનની મદદથી તેમને માન્ય હોય તેવું સમાધાન અપનાવે છે.
- આ પદ્ધતિમાં વિવાદોનું સત્વરે નિરાકરણ પક્ષકારો દ્વારા થાય તે માટે મીડીએટર મદદરુપ થાય છે જેના કારણે પક્ષકારો પોતે પોતાના વિવાદનો નિરાકરણ લાવી કોર્ટ કેસનો અંત લાવે છે જેથી કોર્ટનું ભારણ ઓછું થાય છે.
- આ પ્રક્રિયામાં થતું સમાધાન એ હાયર ફોરમમાં પડકારી શકાય તેમ ન હોઇ ઉપલી અદાલતોમાં અપીલોનું ભારણ પરોક્ષ રીતે ઘટે છે,અને લોક અદાલત ઉપરાંત મીડીયેશન પણ કેસોમાં સમાધાન કરાવવા માટેની પદ્ધતિ છે. આ પદ્ધતિ દ્વારા વિવાદોનું સત્વરે ખર્ચરહિત નિરાકરણ કરવામાં આવે છે.